રાજય ચૂંટણી આયોગ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩ –૦૯–૨૦૨૦

ક્રમાંકઃરાચઆ–ચટણ–સમક–યુનીટ–૫–મનપા–ભાવનગર–૨૦૨૦

**ભાવનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ.**

---

૧. ભારતના સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ કે જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમાં મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ(ગુજરાત દ્વિતિય સુધારા)૧૯૯૩થી સુધારા કરવામાં આવેલ છે. આ અધિનિયમની કલમ–૧૪(૧) હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી કરવાની સત્તા રાજય ચૂંટણી આયોગમાં નિહિત થયેલી છે. અધિનિયમની કલમ– ૧૪ની પેટા કલમ (૨) હેઠળ રાજય સરકારે ઘડેલા નિયમો અનુસાર રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ(એમેડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમમાં કેટલાક સુધારા કરેલ છે.આ સુધારા અન્વયે મહાનગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

તેમજ રાજય સરકારે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન(શહેરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) બાબતના (સુધારા નિયમો ૨૦૧૪)માં સુધારો કરી મહાનગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરવામાં આવેલ છે.

૩. રાજય સરકારે અધિનિયમની કલમ–૫ ની પેટા કલમ (૩)માં ખંડ (ક) તથા પેટા કલમ–(૪),(૫),(૬) તથા (૭) અન્વયે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૮૧–ઓફ–૨૦૨૦–પીઆરસી–૧૦૨૦૨૦–૨૬૬૬–પી, તા.૦૮–૦૭–૨૦૨૦. થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, **ભાવનગર** મહાનગરપાલિકા જેનો હવે પછી મહાનગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેના સને ૨૦૧૧ ની વસ્તી ગણત્રીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તે આંકડા આધારે **ભાવનગર** મહાનગરપાલિકાને **૧૩** વોર્ડોમાં વહેંચેલ છે. અને કાઉન્સીલરોની કુલ બેઠકો–**૫૨** નકકી કરેલ છે. તેમજ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગ તથા સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૪. રાજય સરકારે અધિનિયમની કલમ–૪૫૬(૧) તથા કલમ–૫ હેઠળ મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ કે જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે. આ નિયમોમાં વખતો વખત સુધારા કરવામાં આવેલ છે.નિયમોના નિયમ–૨ અન્વયે મહાનગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે, શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એકસરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે,સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણાં કે અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ સરેરાશ વસ્તીમાં કરવી જરૂરી છે, તો તે સંજોગોમાં ચૂંટણી આયોગ ૧૦ ટકા થી વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૫. રાજય ચૂંટણી આયોગે વોર્ડોનું સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૧૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં મહાનગરપાલિકાની કુલ વસ્તી **૬૪૯૪૨૬** આવે છે. જાહેરનામા પ્રમાણે મહાનગરપાલિકાને **૧૩** વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી **૪૯૯૫૬** ની થાય છે.

૬. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોડીનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે રીતે કોઈપણ વોર્ડની વોર્ડ સરેરાશ વસ્તીના ૧૦ % થી વધતી નથી કે ૧૦ % થી ઘટતી નથી.

૭. મહાનગરપાલિકાના **૧૩** વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૮. નિયમોના નિયમ(સુધારા)૪ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સીલર ચૂંટવાના છે.તેમજ નિયમોના નિયમ(સુધારા)–૫ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠકો સ્ત્રી (અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિ,પછાતવર્ગની સ્ત્રી સહિત)માટે અનામત રાખવાની છે.જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામાં મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગને અથવા બિનઅનામત ફાળવવાની રહે છે.

૯. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય.વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ના નિયમ–૬(ક)હેઠળ રાજય ચૂંટણી આયોગે તા. ૧૧–૧૨–૨૦૧૪ના આદેશથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની સ્ત્રીઓની બેઠકો આ જાતિઓની વસ્તીની સૌથી ઊંચી ટકાવારીહોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા,ચોથા,છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૦. જાહેરનામા અન્વયે **ભાવનગર** મહાનગરપાલિકા માટે ૩ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત કરેલ છે અને **૩** બેઠકો પૈકી **૨** બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત કરવાનું થાય.

૧૧. સનેઃ ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા **૧૩** સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડની વસ્તી | અનુ.જાતિની કુલ વસ્તી | વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | ૫ | ૫૪૧૬૫ | ૯૭૫૬ | ૧૮.૦૧ |
| ૨ | ૩ | ૪૫૪૨૫ | ૭૦૩૬ | ૧૫.૪૯ |
| ૩ | ૧ | ૫૦૧૪૦ | ૪૬૧૨ | ૯.૨૦ |
| ૪ | ૨ | ૪૯૫૧૨ | ૩૫૨૫ | ૭.૧૨ |
| ૫ | ૭ | ૪૬૬૩૨ | ૨૯૮૫ | ૬.૪૦ |
| ૬ | ૬ | ૫૧૯૧૭ | ૨૭૨૭ | ૫.૨૫ |
| ૭ | ૯ | ૫૧૩૭૨ | ૨૩૩૯ | ૪.૫૫ |
| ૮ | ૪ | ૪૯૯૩૧ | ૧૩૯૪ | ૨.૭૯ |
| ૯ | ૧૦ | ૪૮૬૦૩ | ૧૧૯૦ | ૨.૪૫ |
| ૧૦ | ૧૩ | ૫૪૦૨૦ | ૧૦૩૫ | ૧.૯૨ |
| ૧૧ | ૧૨ | ૫૩૦૩૪ | ૭૬૯ | ૧.૪૫ |
| ૧૨ | ૧૧ | ૪૯૫૪૮ | ૬૪૯ | ૧.૩૧ |
| ૧૩ | ૮ | ૪૫૧૨૭ | ૪૮૧ | ૧.૦૭ |
| | કુલ | ૬૪૯૪૨૬ | ૩૮૪૯૮ | -- |

૧૨. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.**૫**, ૩ **તથા ૧** માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવણી કરવાની થાય છે.

૧૩. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૩ **અને ૧** માં અનુસૂચિત જાતિ સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. **૫, ૩ તથા ૧** માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવાની થાય.

| અ.નં. | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૫ | અનુસૂચિત જાતિ |
| ૨ | ૩ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ૩ | ૧ | અનુસૂચિત જાતિ સ્ત્રી |

૧૫. જાહેરનામા અન્વયે મહાનગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક અનામત રાખવાનું નિર્ધારિત થયેલ નથી.

૧૬. સનેઃ ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા **૧૩** સૂચિત વોર્ડોની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડની વસ્તી | અનુ.આદિજાતિની કુલ વસ્તી | વોર્ડની વસ્તી સામે અનુ.આદિજાતિની વસ્તીની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૧૩ | ૫૪૦૨૦ | ૧૫૨૩ | ૨.૮૨ |
| ૨ | ૬ | ૫૧૯૧૭ | ૬૭૩ | ૧.૩૦ |
| ૩ | ૫ | ૫૪૧૬૫ | ૬૮૫ | ૧.૨૬ |
| ૪ | ૨ | ૪૯૫૧૨ | ૨૭૨ | ૦.૫૫ |
| ૫ | ૧૨ | ૫૩૦૩૪ | ૨૮૦ | ૦.૫૩ |
| ૬ | ૭ | ૪૬૬૩૨ | ૧૮૨ | ૦.૩૯ |
| ૭ | ૮ | ૪૫૧૨૭ | ૧૭૨ | ૦.૩૮ |
| ૮ | ૯ | ૫૧૩૭૨ | ૧૭૦ | ૦.૩૩ |
| ૯ | ૧૧ | ૪૯૫૪૮ | ૧૫૯ | ૦.૩૨ |
| ૧૦ | ૪ | ૪૯૯૩૧ | ૧૩૬ | ૦.૨૭ |
| ૧૧ | ૧૦ | ૪૮૬૦૩ | ૭૨ | ૦.૧૫ |
| ૧૨ | ૩ | ૪૫૪૨૫ | ૫૬ | ૦.૧૨ |
| ૧૩ | ૧ | ૫૦૧૪૦ | ૬૧ | ૦.૧૨ |
| | કુલ | ૬૪૯૪૨૬ | ૪૪૪૧ | - |

૧૭. જાહેરનામા અન્વયે ૫ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૩ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત કરવાની થાય છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ રાજય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી મહાનગરપાલિકાના જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહેશે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

**ભાવનગર** મહાનગરપાલિકાના સૂચિત ૧૩ વોર્ડની વસ્તી તથા પછાતવર્ગની અંદાજીત વસ્તી અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની કુલ વસ્તી | પછાતવર્ગની વસ્તી (અંદાજીત) | વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૨ | ૪૯૫૧૨ | ૪૦૬૦૩ | ૮૨.૦૧ |
| ૨ | ૪ | ૪૯૯૩૧ | ૩૯૯૯૮ | ૮૦.૧૧ |
| ૩ | ૧૩ | ૫૪૦૨૦ | ૩૭૩૩૧ | ૬૯.૧૧ |
| ૪ | ૩ | ૪૫૪૨૫ | ૨૬૯૧૪ | ૫૯.૨૫ |
| ૫ | ૧૨ | ૫૩૦૩૪ | ૨૯૫૮૧ | ૫૫.૭૮ |
| ૬ | ૧૧ | ૪૯૫૪૮ | ૨૭૩૪૫ | ૫૫.૧૯ |
| ૭ | ૫ | ૫૪૧૬૫ | ૨૯૫૫૧ | ૫૪.૫૬ |
| ૮ | ૧ | ૫૦૧૪૦ | ૨૫૪૫૨ | ૫૦.૭૬ |
| ૯ | ૭ | ૪૬૬૩૨ | ૨૧૪૦૩ | ૪૫.૯૦ |
| ૧૦ | ૯ | ૫૧૩૭૨ | ૨૨૯૦૩ | ૪૪.૫૮ |
| ૧૧ | ૧૦ | ૪૮૬૦૩ | ૧૮૩૩૦ | ૩૭.૭૧ |
| ૧૨ | ૮ | ૪૫૧૨૭ | ૧૬૯૧૨ | ૩૭.૪૮ |
| ૧૩ | ૬ | ૫૧૯૧૭ | ૧૬૪૭૪ | ૩૧.૭૩ |
| | કુલ | ૬૪૯૪૨૬ | ૩૫૨૭૯૭ | - |

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં સૂચિત વોર્ડ નં. **૨,૪,૧૩,૩ અને ૧૨** માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે જે પૈકી શકય હોય ત્યાં સુધી દર બીજા ક્રમે આવતાં વોર્ડ નં.**૪,૩ અને ૧૨** માં પછાતવર્ગ સ્ત્રી બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

આથી પછાતવર્ગોની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાની થાય.

| અ.નં. | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૨ | પછાતવર્ગ |
| ૨ | ૪ | પછાતવર્ગ સ્ત્રી |
| ૩ | ૧૩ | પછાતવર્ગ |
| ૪ | ૩ | પછાતવર્ગ સ્ત્રી |
| ૫ | ૧૨ | પછાતવર્ગ સ્ત્રી |

૧૯.(૧) ભારતના બંધારણના અનુચ્છેદ–૨૪૩–વ–ક, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ–૧૯૪૯, તથા તે તળેના નિયમો અને શહેરી વિકાસ વિભાગના તા.૩૧–૫–૨૦૧૦ નોટીફીકેશનમાં કરેલ જોગવાઈઓનો અમલ કરવા માટે રાજય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂઈએ મહાનગરપાલિકાના વોર્ડોમાં બેઠકોમાં વારાફરતી ફાળવણી કરવા નીચે મુજબના માર્ગદર્શક સિધ્ધાંતો / માપદંડ નકકી કરવા રાજય ચૂંટણી આયોગે તા. ૨૪–૭–૨૦૨૦ થી આદેશ કરવામાં આવેલ છે.

(ક) જે મહાનગરપાલિકાઓ માટે કેટલાક ઉમેરાયેલ વિસ્તારો બાદ ૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે વોર્ડ સીમાંકન(અનામત બેઠકોની ફાળવણી સહિત) કરવાનું છે. તેવી મહાનગરપાલિકાઓમાં અગાઉ(૨૦૧૫ની સામાન્ય ચૂંટણી વખતે )કરેલ વોર્ડ સીમાંકન(અનામત બેઠકોની ફાળવણી સહિત)ના વોર્ડ નંબર/વોર્ડના નામ મહદઅંશે સરખા વિસ્તારના હોય તો,તે નવા વોર્ડ સીમાંકન વખતે અનામત બેઠકોની ફાળવણી સમે, પુનરાવર્તીત ન થાય, તે રોટેશન કરતી વખતે ધ્યાનમાં લેવાનું રહશે.મતલબ કે નવા સીમાંકન બાદજો વોર્ડ રચનામાં આંતરિક ફેરફાર થતા હોય તો તે ધ્યાને લેવાના રહેશે નહિ. તે મુજબ આ મહાનગરપાલિકાઓની હવે પછી યોજાનાર સામાન્ય ચૂંટણીઓ માટે કાયદા/નિયમોની જોગવાઈઓને અનુરૂપ વારાફરતી બેઠકો ફાળવણી કરવાની રહેશે..

(ખ) સને–૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે શહેરી વિકાસ વિભાગ ધ્વારા ઉમેરાયેલા વિસ્તાર માટે મહાનગરપાલિકાના વોર્ડ સંખ્યા/અનામત બેઠકો સહિત નકકી થયા મુજબ રાજય ચૂંટણી આયોગે કરેલ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની કરવાના થતા ફાળવણીના આદેશોમાં અનુસૂંચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક છેલ્લા સીમાંકનમાં ફાળવાયેલ હોય, તે પુનરાવર્તીત થતી હોય તો, તેના ઉતરતા ક્રમમાં

ત્યાર પછીના ખાસ ક્રમાંકને બેઠક ફાળવણી અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠકો અને આ વર્ગની સ્ત્રીને બીજા ક્રમે રાખીને બેઠક ફાળવવાની રહેશે.

(ગ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ બેઠકોનું વારાફરતી ફાળવણી કર્યા બાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠક છેલ્લા સીમાંકનમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વસ્તી માટે કરવામાં આવેલ સર્વે અને સર્વે મુજબ વોર્ડવાર નિયત થયેલ ટકાવારીના ક્રમ મુજબ બેઠક ફાળવાયેલ હોય તેની પછીના ક્રમમાં આવતા ક્રમમાં અને રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૧–૧૨–૨૦૧૪ના આદેશથી નકકી કરેલા માપદંડ અનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગમાં સ્ત્રીને બીજા ક્રમે આપી બેઠક ફાળવવાની રહેશે.

૨૦. શહેરી વિકાસ વિભાગના તા.૩૧–૫–૨૦૧૦ ના જાહેરનામાથી નિયમ–૭ માં થયેલ સુધારાની જોગવાઈ અને રાજ્ય ચૂંટણી આયોગના તા. ૨૪–૭–૨૦૨૦ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તથા સ્ત્રીઓ માટે અનામત બેઠકોમાં વારાફરતી બેઠકો ફાળવણી કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

વોર્ડ નં.૪, ૨ અને ૧ માં વર્ષ ૨૦૧૫ માં અનુસૂચિત જાતિની બેઠક ફાળવેલ હોય, તે બેઠક પુનરાવર્તીત થતી હોય આ વોર્ડમાં બેઠક ફાળવવામાં આવેલ નથી. આથી અનુસૂચિત જાતિની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

**અનુસૂચિત જાતિ માટે ફાળવેલ બેઠકો**

| અ.નં. | ખાસ ક્રમાંક | વોર્ડ નં. | બેઠક |
|---|---|---|---|
| ૧ | ૪ | ૨ | અનુસૂચિત જાતિ |
| ૨ | ૫ | ૭ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ૩ | ૬ | ૬ | અનુસૂચિત જાતિ સ્ત્રી |

વોર્ડ નં.૨,૪,૧૩,૩ અને ૧૨ માં વર્ષ ૨૦૧૫માં પછાત વર્ગની બેઠક ફાળવેલ હોઈ, તે બેઠક પુનરાવર્તીત થતી હોય આ વોર્ડમાં બેઠક ફાળવવામાં આવેલ નથી.

વોર્ડ નં.૧૧,૫, ૧, ૭ અને ૯ માં પછાત વર્ગની બેઠક ફાળવવાની થાય. તે પૈકી શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડ નં.૫, ૭ અને ૯ માં પછાત વર્ગ સ્ત્રી ફાળવવાની થાય. પરંતુ વોર્ડ નં.૭માં અનુસૂચિત જાતિ સ્ત્રી બેઠક ફાળવેલ હોય વોર્ડ નં.૭ માં પછાતવર્ગ સ્ત્રીના બદલે વોર્ડ નં.૧ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક અને વોર્ડ નં.૭ માં પછાતવર્ગ બેઠક ફાળવવામાં આવેલ છે. આથી પછાત વર્ગની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

**પછાતવર્ગને ફાળવેલ બેઠકો**

| અ.નં. | ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|---|
| ૧ | ૬ | ૧૧ | પછાતવર્ગ |
| ૨ | ૭ | ૫ | પછાતવર્ગ સ્ત્રી |
| ૩ | ૮ | ૧ | પછાતવર્ગ સ્ત્રી |
| ૪ | ૯ | ૭ | પછાતવર્ગ |
| ૫ | ૧૦ | ૯ | પછાતવર્ગ સ્ત્રી |

૨૧. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠકો બિન અનામત તરીકે ફાળવણી કરવાની થાય.

૨૨. સમગ્રતઃ તમામ પાસાંઓનો અભ્યાસ કરીને **ભાવનગર** મહાનગરપાલિકાનાઆ સાથે સંલગ્ન અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની વારાફરતી ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૩. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૪. અનુસૂચિ—૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ—૨ માં જણાવ્યા મુજબ બેઠકો ફાળવવા માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાનાં હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નંબર—૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા તથા એક નકલ શહેર ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરશ્રીને આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી આયોગ મહાનગરપાલિકાના વોર્ડની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

**રાજય ચૂંટણી આયોગના આદેશથી,**

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

# અનુસૂચિ—૧
# ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર

## સનેઃ ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલા આંકડા આધારે ભાવનગર મહાનગરપાલિકાની સૂચિત વોર્ડરચના મુજબ વોર્ડોનું વર્ણન

---

### વોર્ડ નં. ૧ ચિત્રા ફુલસર નારી

વોર્ડ નં. ૧ના વાયવ્ય ખૂણેના નારીના સર્વે નં. ૨૧૦/૧/એ થી શરૂ કરીને ગામ કરદેજના સીમાડે સીમાડે ઈશાન ખૂણા તરફ જતા નારી સર્વે નં. ૨૧૦/ ૧ પૈકી વડવાના સીમાડા સુધી, ત્યાંથી દક્ષિણબાજુએ નારી ગામના સીમાડે સીમાડે નારી ગામની ચોકડી થઇ ભાવનગર અમદાવાદ રેલ્વે લાઈન થઇ આખલોલ નદીના બ્રીજનાખૂણા સુધી, ત્યાંથી પૂર્વ તરફ રેલ્વે લાઈન પેરેલલ ચાલતા ચિત્રા જી.આઈ.ડી.સી પૂરી થાઇ ત્યાં સુધી, ત્યાંથી દક્ષિણ દિશા તરફ ચાલતાં સત્યનારાયણ સોસાયટીની હદે હદે દક્ષિણ તરફ આગળ વધતાં ત્યાંથી પૂર્વ તરફ ચાલતા બીએમસીની સ્કુલ સુધી,ના ૧૨ મીટરના રોડ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ ચાલતાં હાદાનગર ક્રોસ કરી રામેશ્વર સોસાયટી અને રેલ્વે ક્વાટર્સ વાળા ટીપી રોડ પરથી રાજકોટ રોડ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ ચાલતાં ચાલતાં રામદેવ પેટ્રોલ પંપ થી આગળ ચિતા ગામતળ સુધી, અને ત્યાંથી દક્ષિણ પશ્ચિમે ચાલતા ચાલતા ગામતળ અડીને ચિત્રા સીદસર રોડ સુધી, ત્યાંથી દક્ષીણે ચાલતા ચાલતા ચિત્ર ફિલ્ટર પ્લાન્ટ સુધી, ત્યાંથીપશ્ચિમદક્ષિણે થઇ ચિત્રા ફુલસર ના સીમાડે સીમાડે સીદસર વરતેજ રોડથી આગળ ફુલસર ના સીમાડા સુધી, ત્યાંથી પશ્ચિમે થઇ ઉત્તર તરફ ફુલસર વરતેજ ના સીમાડે સીમાડે આખલોલ બ્રીજ સુધી, ત્યાંથી ઉત્તર તરફ નારી ગામના સીમાડે સીમાડે આખલોલ મહાદેવ અને ઈન્દીરાનગરની હદે હદે રેલવેના પાટા સુધી, ત્યાંથી ઉત્તર પશ્ચિમ દિશા તરફ નારી વરતેજ ના સીમાડે સીમાડે નારી સર્વે નં.૧૩૮ સુધી, ત્યાંથી ઉત્તર તરફ વરતેજ કમળેજના સીમાડે સીમાડે નારી સર્વે નં. ૨૧૦/૧/એ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

## વોર્ડ નં. ૨ કુંભારવાડા

વોર્ડ નં. ૨ના વાયવ્ય ખૂણાના નારી રોડથી શરૂ કરી ઉત્તરે નારી ગામનાં સીમાડે સીમાડે આગળ વધતાં વડવાના સીમાડાના અણીવાળા ભાગ સુધી, ત્યાંથી દક્ષિણે અને પૂર્વ તરફ વડવાના સર્વે નં. ૪૪૭ પૈકી મીઠાના અગરો પાસે થી પસાર થઈને મહાનગરપાલિકા ની હદે હદે માઢીયા રોડના પાળા સુધી, ત્યાંથી માઢીયા રોડ,મચ્છી માર્કેટ સુધી, ત્યાંથીદક્ષિણે હલીમાં મસ્જીદ નારી રોડ સુધી, ત્યાંથી પૂર્વ તરફ કુંભારવાડા સર્કલ થઇ મોક્ષ મંદિર પુલ સુધી, ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ ગઢેચી નદીના કાંઠે કાંઠે ચાલતા મહેશભાઈના બેન્સા વાળા ખાંચા સુધી, ત્યાંથી શહેર ફરતી સડક રેલ્વે ફાટક ક્રોસ કરીને  દક્ષિણ તરફ ભાયાણી વાડી થઇ ગઢેચી વડલા રાજકોટ રોડ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ ભાવનગર રાજકોટ રોડ રેલ્વે ક્વાટર્સ,પ્રમુખ દર્શન કોમ્પ્લેક્ષ સુધી, ત્યાંથી ઉત્તરે ટીપી રોડ પર બીએમસી સ્કુલ સુધી, ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ સત્યનારાયણ સોસાયટીના પ્લોટ નં. ૮૩ પાસેના ટીપી રોડ સુધી, ત્યાંથી ઉત્તર તરફ અમદાવાદ જતી રેલ્વે લાઈન સુધી, ત્યાંથી પશ્ચિમે રેલ્વેના પાટે પાટે ચાલતા આખલોલ બ્રીજ સુધી, ત્યાંથી ઉત્તરે આખલોલ નદીના પશ્ચિમ કાંઠે કાંઠે ચાલતા નારી ગામના સીમાડે નારી રોડ સુધીનો સમાવિષ્ટતમામ વિસ્તાર.

## વોર્ડ નં. ૩ વડવા-બ

વોર્ડ નં. ૩ ના વાયવ્ય ખૂણાના ખારવાળી જમીનના અણીવાળા ભાગથી શરૂ કરી માઢીયા રોડના પાળાથી પૂર્વ તરફ જતા  વડવાના સર્વે નં. ૪૪૭ પૈકી પાસેથી મીઠાના અગરો પાસેથી પસાર થઈને માઢીયા રોડના પાળા સુધી, ત્યાંથી પૂર્વ તરફ મહાનગરપાલિકાની હદે હદે વી .આઈ. પી. ઈન્ડસ્ટ્રીયલ પાર્ક થઇ રેલ્વે ક્રોસિંગ સુધી, ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ રેલ્વે પાટાને પેરેલલ રેલ્વે સ્ટેશન ચોક સુધી, ત્યાંથી દક્ષિણે મંગલમૂર્તિ ટાયર સુધી,  ત્યાંથી પશ્ચિમ તરફ અલકા સિનેમાથી ઈમામવાડા મસ્જિદ થઇ રોડે થઇ તીન બત્તી ચોક સુધી, ત્યાંથી પૂર્વ તરફ વિજય ટોકીઝ વડવા

પાળીયાધારના નાકેથી પાનવાડી રોડ સુધી, ત્યાંથી દક્ષિણે પાનવાડી ચોક સુધી, ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ એસ. ટી. બહુમાળી ભવન થઇ નિલમબાગ ચોક સુધી, ત્યાંથી પશ્ચિમે રિલાયન્સ પેટ્રોલ પંપ, માધવ કોમ્પ્લેક્ષ, આર.ટી.ઓ સર્કલ થઇ ગઢેચી નદી ક્રોસ કરી, ગઢેચી રોડ સુધી, ત્યાંથી ઉત્તરે શહેર ફરતી સડક પર ભાયાણીની વાડી થઇ રેલ્વે ક્રોસિંગ સુધી, ત્યાંથી આગાળ જતા મહેશભાઈ લાકડાવાલાના બેન્સા સુધી, ત્યાંથી અગ્નિ ખૂણે નદી તરફ થઇ નદીની હદે હદે ઈશાન ખૂણે થઇ કુંભારવાડા મોક્ષ મંદિર સુધી, ત્યાંથી પશ્ચિમ દિશાએ નારી રોડ પર હલીમાં મસ્જીદ સુધી, ત્યાંથી ઉત્તર તરફ રોડે રોડે માઢીયા રોડ સુધી, ત્યાંથી પશ્ચિમે માઢીયા રોડના પાળાના અણીવાળા ભાગ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

## વોર્ડ નં. ૪ કરચલીયા પરા

વોર્ડ નં. ૪ ના વાયવ્ય ખૂણાથી રૂવાપરી દેરીથી શરૂ કરી પૂર્વ તરફ કેબલ સ્ટેડબ્રીજ થઇ ખાડી ની હદે હદે ઈશાન ખૂણે મનપાની હદે દરબારી ભાઠા સુધી, ત્યાંથી પૂર્વ તરફ જતા મનપાની હદે હદે કંસારા નદી સુધી, ત્યાંથી અગ્નિ ખૂણા તરફ નવા બંદર રેલ્વે લાઈન સુધી, ત્યાંથી રેલ્વે ના પાટેથી વીમાના દવાખાને જવાના રસ્તા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ ખેડૂતવાસ સર્કલ તરફ જતા રસ્તાના ખૂણા સુધી, અને ત્યાંથી પશ્ચિમ તરફ જાગૃતિ સોસાયટી અને ૫૦ વારીયાની વચ્ચે થઇ રમેશભાઈ બગડાના મકાનથી વાયવ્ય દિશા તરફ જતા મેલડીની ધારવાળા રોડે રોડે જૂની બી.એમ.ટી. લાઈને થઈને જુના એરોડ્રામ રોડ સુધી, ત્યાંથી દક્ષિણ દિશા તરફ પ્રભુદાસ તળાવ સર્કલ થઇ શિશુવિહાર ચોક સુધી, ત્યાંથી ઈબ્રાહીમ મસ્જીદ થઇ રજા પાર્ક ગેટકોવાળા રોડે થઇ રૂવાપરી રોડ સુધી, ત્યાંથી પશ્ચિમ દિશા તરફ જોગીવાડ થઇ, સાંઢીયાવાડથી દીવાનપરા રોડ બાર્ટન લાયબ્રેરી સુધી, ત્યાંથી ઉત્તર તરફ મુખ્ય રોડ મામાકોઠા અંબિકા સ્કુલ પૂરી થાય ત્યાં સુધી, ત્યાંથી પશ્ચિમ દિશા તરફ ખારગેટ ચોક સુધી, ત્યાંથી આગળ જલારામ મંદિર વાળા રસ્તે થી દાણાપીઠ

વાળા રોડે થઇ સ્ટેશન રોડ મંગલ મૂર્તિ ટાયર સુધી, ઉત્તર દિશા તરફ સ્ટેશન ચોક મહાકાળી લોજથી આગળ રેલ્વેની હદ સુધી, ત્યાંથી ઉત્તર દિશા તરફ વીઆઈપી ઇન્ડસ્ટ્રીઝ સુધી, ત્યાંથી પશ્ચિમ દિશા તરફ મીઠા ના અગરોમાં થઇ દરિયાઈ ક્રિક સુધી, ત્યાંથી ઉત્તર તરફ રૂવાપરી દેરી સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

## વોર્ડ નં. ૫ કૃષ્ણનગર ઉત્તર – રૂવા

વોર્ડ નં. ૫ ના વાયવ્ય ખૂણાના બહુચરાજી મંદિરથી શરૂ કરી રૂવાપરી રોડના ઇશાન ખૂણા તરફના ભાગેથી જોગીવાડના ચોક થઇ ગેટકોના ચોક સુધી, ત્યાંથી દક્ષિણ તરફ રઝા પાર્ક થઇ શિશુવિહાર ચોક સુધી, ત્યાંથી ઉત્તર ઇશાન તરફ પ્રભુદાસ ચોક થઇ લેડી પિલર હોસ્પિટલથી આગળ થઇ જૂની બી.એમ.ટી. લાઈન ક્રોસ કરી પ્લોટ નં. ૨૧૯ સુધી, ત્યાંથી દક્ષિણે પ્લોટ નં. ૨૨૨ મેલડીની ધાર થઇ જાગૃતિ સોસાયટીના ખૂણા સુધી, ત્યાંથી ઉત્તર તરફ જાગૃતિ સોસાયટીના ઇશાન ખૂણા સુધી, ત્યાંથી પૂર્વ તરફ જાગૃતિ સોસાયટીના અગ્નિ ખૂણા સુધી, કે જે નવા બંદર રોડ તરફ જતા રેલ્વેના પાટા સુધી, ત્યાંથી પૂર્વ તરફ રેલ્વેની લાઈને લાઈને કંસારા નદીના પુલ સુધી, ત્યાંથી ઉત્તર તરફ કંસારા નદીના કાંઠે કાંઠે મનપાની હદ સુધી, ત્યાંથી દક્ષિણ દિશા તરફ રુવાના સર્વે નં. ૬૩/૪ થઇ ગોકુલનગર થઇ દરબારી ભાઠે થઇ એરપોર્ટની દીવાલથી પૂર્વ તરફ રૂવાના સર્વે નં. ૬૫ પૈકી એરપોર્ટની હદથી દક્ષિણ તરફ જતા અક્વાડાના સર્વે નં. ૧૨૩ તથાદક્ષિણ તરફ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ અક્વાડાના સર્વે નં. ૧૦૬ પૈકીમાં આવેલ ચંદ્રોદય પાર્કથી રૂવા અકવાડાની હદે હદે અકવાડા ટેંક સુધી, ત્યાંથી ઉત્તર તરફ યોગીનગર અને સોમનાથ પ્રેસીડન્સી થઇ સાગર પાર્ક અને વૃન્દાવણ સોસાયટીની હદે રવેચી તળાવના પાળે થઇ એરોડ્રામ રોડ સુધી, ત્યાંથી ઇશાન ખૂણા તરફ રીંગ રોડે ૨૧ મીટરના ડીપી રોડ સુધી, ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ ૨૧ મીટરના ડીપી રોડ પર ડીસ્પોઝલ પ્લાન્ટ સુધી, ત્યાંથીદક્ષિણ તરફ કંસારા નદીના પૂર્વ સાઈડ ના કાંઠે કાંઠે સુભાષ બ્રીજ

સુધી, સુભાષ બ્રિજથી વાયવ્ય ખૂણા તરફ મુની દેરી સુધી, ત્યાંથી ઉત્તર તરફ તીલકનગર રોડ દેવીપુજક વાસના ખૂણા સુધી, ત્યાંથી દીપકચો કથી બોરડી ગેટ, પોલીસ ચોકીથી દક્ષિણ દિશા તરફ ગીતા ચોક થઇ ડોન ચોક સુધી, ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ ક્રેસન્ટ થઇ મહિલા વિદ્યાલય સુધી, ત્યાંથી ઉત્તર તરફ માણેક વાડી થઇ રૂવાપરી રોડ પર બહુચરાજી મંદિરના ઈશાન ખૂણા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

## વોર્ડ નં. ૬–પીરછલ્લા

વોર્ડ નં.૬ના વાયવ્ય ખૂણા મંગલમૂર્તિ ટાયર શોપથી શરૂ કરી પૂર્વ તરફ ખારગેટ ચોક સુધી, ત્યાંથી મામા કોઠા રોડ સુધી, ત્યાંથી દક્ષિણે દીવાનપરા રોડે રેડ ક્રોસ સુધી, ત્યાંથી પૂર્વે દિશાએ રૂવાપરી રોડે બહુચરાજી મંદિરના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી દક્ષિણે માણેક વાડીમાં થઇ મહિલા વિદ્યાલય સુધી, ત્યાંથી અગ્નિ ખૂણા તરફ ક્રેસન્ટ થઇ ડોન ચોક સુધી, ત્યાંથી ઈશાન ખૂણે ગીતા ચોક થઇ બોરડી ગેટ પોલીસ ચોકી સુધી, ત્યાંથી પૂર્વ તરફ દીપક ચોક થઇ તિલકનગર રોડ થઇ દેવીપુજકવાસ સુધી, ત્યાંથી દક્ષિણ દિશાએ મુની દેરી ચોક સુધી, ત્યાંથી અગ્નિ ખૂણે સુભાષબ્રીજ કંસારા નદી સુધી, ત્યાંથી દક્ષિણે કંસારા નદીનાં પશ્ચિમે ખૂણે નદી કાંઠે કાંઠે ટીવી કેન્દ્રવાળા રોડને ક્રોસ થઇ પશ્ચિમ દિશાએ વૃધ્ધાશ્રમ થઇ ઘોઘા સર્કલ સુધી, ત્યાંથી ઉત્તરે મેઘાણી સર્કલ થઇ જૂની બી.એમ.ટી. રેલ્વે લાઈન વનિતા વિશ્રામના ખૂણા સુધી, ત્યાંથી નૈઋત્ય ખૂણે રેલ્વેના પાટે પાટે મનુભાઈ ગાંઠિયાવાળાથી આગળ જતા જુના ઘોઘા રોડ સુધી, પશ્ચિમે માધવ દર્શન સુધી, ત્યાંથી ઉત્તરે સંત કંવરરામ ચોક થઇ કાળાનાળા ચોક સુધી, ત્યાંથી ઉત્તરે મનપા થઇ ભીડભંજન થઇ ગામતળાવ થઇ જશોનાથ સર્કલ સુધી, ત્યાંથી ઉત્તરે વાસણઘાટ, શેલારશા ચોક થઇ મંગલ મૂર્તિ ટાવર સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

## વોર્ડ નં. ૭ તખ્તેશ્વર

વોર્ડ નં. ૭ના વાયવ્ય ખૂણના અલકા સિનેમાથી શરૂ કરી ત્યાંથી ઉત્તરે પોલીસ ચોકી થઇ હોટેલ મૌસમ પાછળ થઇ શેલારશા ચોકડી મંગલમૂર્તિ ટાવર શોપ સુધી, ત્યાંથી દક્ષિણે શેલારશાના રસ્તે રસ્તે થઇ જશોનાથ ચોક સુધી, ત્યાંથી પૂર્વે તળાવની પાળે થઇ ભીડ ભંજન સુધી, ત્યાંથી બીએમસી થઇ કાળાનાળા ચોક સુધી, ત્યારબાદ સંત કંવરરામ ચોક થઇ માધવ દર્શન થઇ ઘોઘા રોડ પર જૂની બી.એમ.ટી. લાઈન સુધી, ત્યાંથી ઉત્તરે રેલ્વે લાઈને વનિતા વિશ્રામના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી દક્ષિણે મેઘાણી સર્કલ થઇ ઘોઘા સર્કલ સુધી, ત્યાંથી રૂપાણી સર્કલથી સરદારનગર સર્કલ થઇ પશ્ચિમે સંસ્કાર મંડળ સુધી, ત્યાંથી દક્ષિણે તળાજા રોડ પર ભાંગલી ગેટ સુધી, ત્યાંથી પશ્ચિમે હિલ ડ્રાઈવ, એસ.બી.આઈ. ટ્રેનીગ સેન્ટર થઇ વાઘાવાડી રોડ, પુજારા મોબાઈલ સુધી, ત્યાંથી ઉત્તરે અક્ષરવાડી વેલિંગટન સર્કલ થઇ સેન્ટ્રલ સોલ્ટ સુધી, પશ્ચિમે સેન્ટ્રલ સોલ્ટની દીવાલે દીવાલે થઇ કમિશનરશ્રીના બંગલા સુધી, ત્યાંથી દક્ષિણ પશ્ચિમે ચિતરંજન ચોક થઇ એમ.જે. કોલેજ થઇ સીટી મામલતદાર કચેરી સુધી, ત્યાંથી ઉત્તરે ગાંધી કોલોની, સરકારી વસાહત થઇ જિલ્લા જેલ સુધી, ત્યાંથી પૂર્વે સર ટી. હોસ્પિટલ થઇ બારસો મહાદેવની વાડી થઇ જશોનાથ ચોક સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ ભાવસારની શેરી સુધી, ત્યાંથી ઉત્તરે ચબુતરા સુધી, ત્યાંથી પશ્ચિમે કુંભાર શેરી થઇ વડવા નેરા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફે ઈમામ વાડા મસ્જીદ થી અલકા સીનેમા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

## વોર્ડ નં. ૮ વડવા –અ

વોર્ડ નં. ૮ના વાયવ્ય ખૂણે નંદકુંવરબા બાલાશ્રમથી શરૂ કરી પૂર્વ દિશા તરફ ગઢેચી વડલા થઇ આર.ટી.ઓ થઇ શાસ્ત્રીનગર માધવ કોમ્પ્લેક્ષ સુધી, ત્યાંથી ઈશાન ખૂણે વિઠલ વાડી પેટ્રોલ પંપ સુધી, ત્યાંથી પૂર્વ તરફ ચર્ચ રોડે નિલમબાગ થઇ ઉત્તર તરફ બહુમાળી ભવન એસ.ટી. થઇ પાનવાડી

ચોક સુધી, ત્યાંથી ઉત્તરે પાનવાડી રોડે વિજય ટોકીઝ સુધી, ત્યાંથી ઈમામ વાડા મસ્જિદ થઇ પૂર્વે વડવા ચોરા ચબુતરા સુધી, ત્યાંથી દક્ષિણે ભાવસાર શેરીએ થઇ પૂર્વે જશોનાથ ચોક સુધી, ત્યાંથી બારસો મહાદેવ અને લોહાણાની વાડી થઇ તાલુકા પંચાયત સુધી, ત્યાંથી નૈઋત્ય ખૂણે સર. ટી. હોસ્પિટલ થઇ જેલના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી દક્ષિણેપોલીસ ગ્રાઉન્ડ, સરકારી વસાહત થઇ સીટી મામલતદાર કચેરી સુધી, ત્યાંથી દક્ષિણે વળીયા લો કોલેજની ઉત્તરે ચિતરંજન ચોક થઇ કમિશનરશ્રીના બંગલા સુધી, ત્યાંથી પૂર્વે તરફ આગળ જતા સેન્ટ્રલ સોલ્ટની દીવાલે દીવાલે વાઘાવાડી રોડ સુધી, ત્યાંથી દક્ષિણે વાઘાવાડી રોડ પુજારા મોબાઈલ સુધી, ત્યાંથી પૂર્વ તરફ એસ.બી.આઈ. ટ્રેનીંગ સેન્ટર થઇ ભાંગલી ગેટથી દક્ષિણે તળાજા રોડ રામમંત્ર મંદિર સુધી, ત્યાંથી પશ્ચિમે લખુભા હોલ થઇ દીલ્બહાર ટાંકી સુધી, ત્યાંથી ઇસ્કોન મેગા સીટી સુધી, ત્યાંથી ૩૬મીટર ડી.પી. રોડે રોડે આગળ વધતાં જવેલ્સ સર્કલ સુધી, ત્યાંથી દક્ષિણે સરદાર પટેલ સોસાયટી થઇ, નાની ખોડીયાર સુધી, ત્યાંથી ઉત્તરે બોર તળાવ સ્થાપનાથ મહાદેવ સુધી, ત્યાંથી ગઢેચી નદીની પશ્ચિમ હદે બેઠલા નાળા સુધી, ત્યાંથી પશ્ચિમે કુમુદવાડી થઇ ઉત્તરે નંદ કુંવરબા બાલાશ્રમ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

## વોર્ડ નં. ૯ બોર તળાવ

વોર્ડ નં. ૯ના વાયવ્ય ખૂણના ભાવનગર રાજકોટ રોડના બેંક કોલોનીના નાકેથી શરૂ કરી પૂર્વ તરફ ચાલતા ચાલતા બાલાશ્રમ સુધી, ત્યાંથી દક્ષિણે બોરતળાવના નાકેથી કુમુદવાડી તરફ જતા પૂર્વ તરફ સરિતા સોસાયટી થઇ બેઠેલા નાળા સુધી, ત્યાંથી દક્ષિણે નદીના કાંઠે કાંઠે ચાલતા પશ્ચિમે બોરતળાવ, સ્થાપનાથ મહાદેવ સુધી, ત્યાંથી અગ્નિ ખૂણા તરફ બોરતળાવના પાળે પાળે નાની ખોડીયાર, માધવસિંહની ટેકરી સુધી, ત્યારબાદ દક્ષિણ તરફે સુંદરાવાસ બંગલાની પાછળ થઈને બોરતળાવના જુના ગાડા માર્ગે સીદસર જવાનાં રસ્તે તળાવની અંદર શીતલામાની દેરી સુધી,

ત્યાંથી વાયવ્ય ખૂણે બોર તળાવ પર થઇ સિદસરના સીમાડે સીમાડે ચિત્રા ફિલ્ટર પ્લાન્ટ સુધી, ત્યાંથી ઉત્તરે ચાલતા ચાલતા ચિત્રા સીદસર રોડે રોડે ચિત્રા ગામતળ સુધી, ત્યાંથી પૂર્વે ગામતળની હદે હદે બેંક કોલોની નાકે રાજકોટ રોડ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

## વોર્ડ નં. ૧૦ - કાળવીબીડ - સીદસર - અધેવાડા

વોર્ડ નં. ૧૦ના વાયવ્ય ખૂણના ચિત્રા ફિલ્ટર પ્લાન્ટથી શરૂ કરી પૂર્વ તરફ બોરતળાવ થઇ સિદસરના જુના ગાડા માર્ગ સુધી, ત્યાંથી ઉત્તરે વિક્ટોરિયાની દીવાલ સુધી, ત્યાંથી ઉત્તરે બોરતળાવ તથા ઈસ્કોન સૌન્દર્યની હદે હદે નાની ખોડીયાર મંદિર સુધી, ત્યાંથી ઉત્તરે રોડે રોડે થઇ જવેલ્સ સર્કલથી પૂર્વ તરફ જતા વિક્ટોરિયા પાર્કની દીવાલે દીવાલે ૩૬.૦૦ ડીપી રોડને સમાંતર દિલબહાર ટાંકી સુધી, ત્યાંથી પૂર્વ તરફ આગળ જતા રામમંત્ર મંદિર સુધી, ત્યાંથી કંસારા નાળું ક્રોસ કરી દુ:ખીશ્યામ બાપા સર્કલ સુધી, ત્યાંથી દક્ષિણે નૈઋત્ય ખૂણા તરફ સીદસર ગામ જતા લીલા સર્કલ સુધી, ત્યાંથી પૂર્વ તરફ ટોપ થ્રી સર્કલ સુધી, દક્ષિણે ચાલતા ટોપ થ્રી વાળા રીંગ રોડના રસ્તે જતા ઝાંઝરીયા મંદિરની પશ્ચિમ દિશા સુધી, ત્યાંથી પૂર્વ તરફ તળાજા ભાવનગર હાઈવે સુધી, ત્યાંથી દક્ષિણે રોડે રોડ અધેવાડાની હદ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ અધેવાડા બુધેલ અને સીદસરના સીમાડા સુધી, ત્યાંથી પશ્ચિમે અધેવાડા લાખણકાના સીમાડે થઇ ત્યાંથી આગળ વાળુકડ સિદસરના સીમાડે સીદસર સર્વે નં. ૧૩૮ સુધી, ત્યાંથી ઉત્તરથી પશ્ચિમ તરફ શામપરા સિદસરના સીમાડે સીદસર સર્વે નં.૧૪૦ સુધી, ત્યાંથી આગળ ઉત્તરે સિદસરના સીમાડે સીમાડે વરતેજ રોડ પર નદી ક્રોસ કરી જીલ્લા શિક્ષણ તાલીમ ભવન સુધી, ત્યાંથી પશ્ચિમે સિદસરના સીમાડે સીમાડે સર્વે નં. ૧૭૩ સુધી, ત્યાંથી પશ્ચિમ ઉત્તરે સિદસરના સીમાડે સીમાડે થઇ વરતેજ સીદસર રોડ સુધી, ત્યાંથી ઉત્તરે મનપાની હદે હદે થઇ પૂર્વ તરફ ચિત્રા ફિલ્ટર પ્લાન્ટ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

## વોર્ડ નં. ૧૧ સરદારનગર દક્ષિણ– અધેવાડા

વોર્ડ નં. ૧૧ના વાયવ્ય ખૂણના સંસ્કાર મંડળ ચોકથી શરૂ કરી પૂર્વ દિશા તરફ સરદારનગર સર્કલ સુધી, ત્યાંથી દક્ષિણ દિશા તરફ ભરતનગર ચોકડી સુધી, ત્યાંથી ખુલ્લા મેદાન થઇ ભરતનગર પોલીસ ચોકી થઇ નટુભાઈ ભુતેયાના ઘર થઇ રીંગરોડ સુધી, ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ ધર્મલોક ફ્લેટની સામે શિવપાર્વતી સોસાયટી સુધી, ત્યાંથી દક્ષિણ તરફ સ્વપ્ના સૃષ્ટીની પશ્ચિમ હદે થી તરસમીયાના સર્વે. નં. ૬ ના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી નદી ક્રોસ કરી દક્ષિણ દિશા તરફ અધેવાડા માલણકાની હદે આગળ જતા નૈઋત્ય ખૂણા તરફ વળી ભાવનગર તળાજા રોડ સુધી, ત્યાંથી ભાવનગર તળાજ રોડની ઉત્તર તરફ ૬૦ મીટરના ડીપી રોડના ક્રોસ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ ડીપી રોડે થઇ ઝાંઝરીયા હનુમાન થઇ ૪૫ મીટરના રીંગ રોડ સુધી, ત્યાંથી ઉતર તરફ ટોપ થ્રી સર્કલ સુધી, ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ લીલા સર્કલ સુધી, ત્યાંથી ઉત્તર તરફ દુ:ખીશ્યામ સર્કલ થઇ કંસારા નદી ક્રોસ કરી ત્યાંથી રામમંત્ર મંદિર થઇ સંસ્કાર મંડળ ચોક સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

## વોર્ડ નં. ૧૨- સરદારનગર ઉત્તર – તરસમીયા

વોર્ડ નં.૧૨ના વાયવ્ય ખૂણાના રૂપાણી સર્કલથી શરૂ કરી ઘોઘા સર્કલ થઈને પૂર્વ તરફ વૃધ્ધાશ્રમ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ મોખડાજી સર્કલ સુધી, ત્યાંથી અગ્નિ ખૂણા તરફ ઘોઘા રોડ શિવાજી સર્કલ સુધી, ત્યાંથી ઘોઘા રોડ, મંત્રેશ કોમ્લ્પેક્ષ, ગૌશાળા તથા મદ્રેસાથી આગળ જતા રામજીભાઈના વે બ્રીજ સુધી, ત્યાંથી દક્ષિણે ગીતાનગર, અખંડ આનંદ થઇ માલેશ્રી નદી ક્રોસ કરી ઓવર બ્રીજ સુધી, ત્યાંથી માલેશ્રી નદીની હદે હદે તરસમીયા સર્વે નં. ૬ સુધી, ત્યાંથી ઉત્તરે તરસમીયા ગામ ની હદે શિવપાર્વતી સોસાયટી સુધી, ત્યાંથી ઇશાન દિશા તરફ રીંગ રોડે ક્રિષ્ના રેસીડન્સીના વાયવ્ય ખૂણાના નટુભાઈ ભુતેયાના ઘર થઇ શાકમાર્કેટ વાળા રસ્તે ભરતનગર પોલીસ

ચોકી સુધી, ત્યાંથી ખુલ્લા મેદાનમાં થઇ ભરતનગર ચોકડી સુધી, ઉત્તર તરફ નર્મદા વસાહત થઇ સરદારનગર સર્કલ થઇ રૂપાણી સર્કલ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૧૩ ઘોઘા સર્કલ – અકવાડા**

વોર્ડ નં. ૧૩ના વાયવ્ય ખૂણેથી ડીસ્પોઝલ પ્લાન્ટથી શરૂ કરી પૂર્વ તરફ થઇ ટીપી સ્કીમ નં. ૮ તથા ૯ રૂવા ના ટીપી રોડમાંથી પસાર થઇ ૪૫ મીટરના રીંગરોડ સુધી, ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ એરોડ્રામ રોડ રવેચી ધામ સુધી, ત્યાંથી દક્ષિણ દિશા તરફ પાળેથી સાગર પાર્ક અને વૃંદાવન સોસાયટીની હદે હદે થઇ યોગીનગર અને સોમનાથ પ્રેસીડન્સીની હદે હદે એરપોર્ટ રનવે ક્રોસ કરી અકવાડા ટેન્કની હદ સુધી, ત્યાંથી ઉત્તર ઈશાન તરફ અકવાડા રૂવાની હદે હદે અકવાડાના સર્વે નં. ૧૨૩ સુધી, ત્યાંથી પૂર્વ દિશા તરફ અકવાડા અને દરબારી ભાઠાની હદે હદે ખોડીયાર મંદિર સુધી, ત્યાંથી દક્ષિણ તરફ અકવાડા-અવાણીયા ગામની હદે હદે ઘોઘા રોડ ક્રોસ કરી માલણકાના સીમાડા તથા અકવાડા સર્વે નં. ૭૨ની હદે સુધી, ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ માલણકા અકવાડાના ઓવર બ્રીજ સુધી, ત્યાંથી માલેશ્રી નદી ક્રોસ કરી અખંડ આનંદ ગીતાનગરની હદે હદે ઘોઘા રોડ સુધી, ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ મદ્રેસા શીતળામાંના મંદિર થઇ શિવાજી સર્કલ સુધી, ત્યાંથી મોખડાજી સર્કલ સુધી, ત્યાંથી ઉત્તર તરફ વૃધાશ્રમ ચોક સુધી, ત્યાંથી કંસારા નદીના પશ્ચિમ કાંઠા સુધી, ત્યાંથી ઉત્તર તરફ સુભાષબ્રીજ સુધી, ત્યાંથી કંસારાના કાંઠે કાંઠે ડીસ્પોઝલ પ્લાન્ટ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**(મહેશ જોશી)**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

અનુસૂચિ–૨

## રાજ્ય ચૂંટણી આયોગ
## ગુજરાત રાજ્ય
## સચિવાલય, ગાંધીનગર

| | | |
|---|---|---|
| **ભાવનગર** મહાનગરપાલિકાની સને ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ કુલ વસ્તી | ૬૪૯૪૨૬ | |
| કુલ વોર્ડની સંખ્યા | ૧૩ | |
| વોર્ડ દીઠ સરેરાશ વસ્તી | ૪૯૯૫૬ | સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ– ૫૪૯૫૨<br>સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ– ૪૪૯૬૦ |
| કુલ બેઠકોની સંખ્યા | ૫૨ | |
| કુલ સ્ત્રી બેઠકો | ૨૬ | |
| અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૩ | **તે પૈકી ૨ બેઠકો અનુસૂચિત જાતિ સ્ત્રી** |
| અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | -- | **તે પૈકી – બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રી** |
| પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા | ૫ | **તે પૈકી ૩ બેઠકો પછાતવર્ગ સ્ત્રી** |
| કુલ અનામત બેઠકો | ૨૯ | |
| કુલ સામાન્ય બેઠકો | ૨૩ | |

| અ. નં. | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૧ | ૫૦૧૪૦ | પછાતવર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૨ | ૨ | ૪૯૫૧૨ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૩ | ૩ | ૪૫૪૨૫ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૪ | ૪ | ૪૯૯૩૧ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૫ | ૫ | ૫૪૧૬૫ | પછાતવર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૬ | ૬ | ૫૧૯૧૭ | અનુસૂચિત જાતિ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૭ | ૭ | ૪૬૬૩૨ | અનુસૂચિત જાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૮ | ૮ | ૪૫૧૨૭ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૯ | ૯ | ૫૧૩૭૨ | પછાતવર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૧૦ | ૧૦ | ૪૮૬૦૩ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૧૧ | ૧૧ | ૪૯૫૪૮ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૧૨ | ૧૨ | ૫૩૦૩૪ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૧૩ | ૧૩ | ૫૪૦૨૦ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| | કુલ | ૬૪૯૪૨૬ | - | - | - | - |

રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(મહેશ જોશી)
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર